# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૮૪ । વિક્રમ સંવત ૨૦૮૦ : આસો વદ ૦૮ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 84 • Dt. 25-10-2024 Friday • Page 10 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

25 OCTOBER- 2024 FRIDAY




P.09

અમેરિકા ગયા પછી પ્રિયંકા ચોપરાએ હિન્દી ભાષા મિસ કરી



P.09

સોનમ કપૂર અને તેના પતિએ 'રિધમ હાઉસ' ખરીદ્યું

પ્રિયંકાના નોમિનેશન દરમિયાન ખડગેને રૂમની બહાર ફેંકી દેવામાં આવ્યા હતા 09





09 બાંગ્લાદેશમાં શેખ હસીનાની પાર્ટીને મોટો ફટકો । વિદ્યાર્થી પાંખ પર પ્રતિબંધ

**વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય** વડોદરા હરણીકાંડ બાદ નવી ગાઈડલાઈન જાહેર કરાઈ, ગાંધીનગરથી આદેશ આપવામાં આવ્યો

# રાજ્યમાં શાળા પ્રવાસને લઈ નવી ગાઈડલાઈન જાહેર

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં શાળામાં બાળકોને પ્રવાસ લઈ જવા માટેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો । નવી ઈડલાઈનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

। પ્રતિનિધિ,ગાંધીનગર, તા.૨૪ ।

ગુજરાતના વડોદરામાં શાળા તરફથી પ્રવાસ લઈ ગયેલાં અનેક બાળકો હરણી બોટકાંડમાં મોતને ભેટ્યાં હતાં. જેને લઈને સરકાર દ્વારા તમામ શાળાઓને બાળકોને પ્રવાસ લઈ જવાની મંજૂરી આપવાની બંધ કરી દીધી હતી. આ સાથે આદેશ કરવામાં આવ્યો હતો કે, નવી ગાઈડલાઈન ન આવે ત્યાં સુધી કોઈપણ શાળાએ પ્રવાસનું આયોજન કરવું નહીં. જોકે, હવે દિવાળીનું વેકેશન શરૂ થવા જઈ રહ્યું છે અને દિવાળી બાદ શાળામાં બાળકોને સર્વાંગી શિક્ષણના ભાગરૂપે પ્રવાસ યોજાતો હોય છે. ત્યારે શિક્ષણ વિભાગને પ્રવાસ માટે અનેક શાળામાંથી મંજૂરી માટેની અરજી કરવામાં આવી હતી. જેને ધ્યાને લઈ શિક્ષણ વિભાગે એક ગાઈડલાઈન બનાવી રાજ્ય સરકારને મોકલી હતી. જેમાં જરૂરી સુધારા-વધારા કરી મંજૂરી આપવામાં આવી છે. હવે શાળામાંથી બાળકોને પ્રવાસ લઈ જવા માટે જાહેર કરવામાં આવેલી આ નવી ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં શાળામાં બાળકોને પ્રવાસ લઈ જવા માટેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. જે મુજબ રાજ્યની તમામ સરકારી/અનુદાનિત/ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા શૈક્ષણિક પ્રવાસના આયોજનમાં આગ, અકસ્માત કે અન્ય અનિચ્છનીય બનાવ કે દુર્ઘટના ન બને તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્ધથીઓ/શિક્ષકોની સંપૂર્ણ સલામતી તેમજ સુરક્ષા જળવાઈ તેમ માટે જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.



### ...તો શિક્ષણ વિભાગ, સચિવાલય પાસેથી મંજૂરી લેવાની રહેશે

શૈક્ષણિક પ્રવાસના આયોજન માટે શાળાના આચાર્યની અધ્યક્ષતામાં વિદ્યાર્થીઓના વાલી પ્રતિનિધિ સહિતની સમિતિની રચના કરી તથા સ્થળ સંબંધિત રૂટ, જોખમો, પ્રવાસના લાભાલાભ વગેરે વિસ્તૃત ચર્ચા કરવાની રહેશે. જો શાળાનો પ્રવાસ રાજ્યના અંદરનો પ્રવાસ હોય તો સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીની મંજૂરી લેવાની રહેશે. જો શાળાનો પ્રવાસ રાજ્યની બહારનો હોય તો કમિશનર/ નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગર અને નિયામક પ્રાથમિક શિક્ષણની કચેરીની મંજૂરી લેવાની રહેશે. જો શાળાનો પ્રવાસ વિદેશનો હોય તો શિક્ષણ વિભાગ, સચિવાલય પાસેથી મંજૂરી લેવાની રહેશે.

### ૨૦ સ્થળોએ દરોડાની કાર્યવાહી હાથ ધરીને વ્યાપક પ્રમાણમાં વધાજનક દસ્તાવેજો કબજે કર્યા

# વડોદરામાં બીજે દિવસે પણ ITનું મેગા ઓપરેશન, રોકડ, દાગીના, લોકર, બેક એકાઉન્ટ સીઝ કર્યા

। પ્રતિનિધિ,વડોદરા,તા.૨૪ ।

ઈક્મટેક્સ વિભાગે બીજે દિવસે પણ વડોદરામાં મેગા ઓપરેશન ચાલુ રાખ્યું હતું. જેમાં ચાર બિલ્ડર ગ્રુપના એકાઉન્ટચ ઉપરાંત દાગીના, રોકડ રકમ અને લોકર સીઝ કરવામાં આવ્યા હતા. દિવાળીના તહેવાર પૂર્વે શહેરના ચાર બિલ્ડર ગ્રુપ પર ઈક્મટેક્સ વિભાગે ગઈકાલથી દરોડા પાડ્યા છે. જેમાં રત્નમ ગ્રુપ, સિદ્ધેશ્વર, ન્યાલકરણ અને શ્રીમયી બિલ્ડર ગ્રુપનો સમાવેશ થાય છે. આ ચારેય ગ્રુપ અને આર્કિટેક્ટને



ત્યાં ઈક્મટેક્સ વિભાગની દરોડાની કાર્યવાહી આજે બીજા દિવસે પણ ચાલુ છે. આવકવેરા વિભાગ દ્વારા બિલ્ડરોના બેંક એકાઉન્ટો અને બેંક લોકરો સીઝ કર્યા હોવાનું જાણવા મળ્યું છે.આ ઉપરાંત જવેરાત અને રોકડ સીઝ કરી તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે. કરોડોનું બિન હિસાબી કાળુ નાણું બહાર આવે તેવી શક્યતા છે.મળેલી માહિતી પ્રમાણે શહેરના આ ચારેય બિલ્ડર ગ્રુપને ત્યાં ઈક્મટેક્સ વિભાગના અધિકારીઓની અલગ અલગ ૨૦ સ્થળોએ બુધવારે દરોડાની કામગીરી હાથ ધરી હતી. શહેરના હરણી મોટનાથ મંદિર પાસે શરૂ કરવામાં આવેલી રત્નમ ગ્રુપની સ્કીમના સંચાલક નિલેશ શેઠ, તેના ભાઈ પ્રકાશ શેઠ સહિત તેમના ભાગીદારોના નિવાસસ્થાન તેમજ વુડા સર્કલ પાસે આવેલી ઓફિસ સહિત ૨૦ જેટલા સ્થળો ઉપર આવકવેરા વિભાગ દ્વારા દરોડાની કામગીરી ચાલી રહી છે.

### ભેદભાવ અને વ્હાલાદવલાની નીતિ અપનાવવામાં આવી હોવાની ફરિયાદ

# મુખ્ય શિક્ષકની જિલ્લા આંતરિક બદલી કેમ્પમાં નિયમો અંગે વિવાદ વકર્યો !!

## એચ ટાટ આચાર્ય (મુખ્ય શિક્ષક) માટે આંતકિક બદલી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું

। પ્રતિનિધિ,અમદાવાદ, તા.૨૪ ।

રાજયની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા એચ ટાટ આચાર્ય (મુખ્ય શિક્ષક) માટે આજે આંતકિક બદલી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બદલીમાં ભેદભાવ અને વ્હાલાદવલાની નીતિ અપનાવવામાં આવી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકોની નિમણૂકના ૧૨ વર્ષ પછી આજે શિક્ષણ વિભાગ દ્વારા બદલીના નિયમો ઘડવામાં આવ્યા છે. નવા નિયમો પ્રમાણે જ આજે બદલી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦મી જુલાઈના રોજ જાહેર કરવામાં આવેલા નિયમોના અનુસંધાનમાં આજે કેમ્પ યોજવામાં આવ્યો હતો. જિલ્લા આંતરિક બદલીમાં



૩ વર્ષની ફરજ બજાવેલી હોવી જોઈએ અને જિલ્લા ફેરબદલી માટે પાંચ વર્ષની નોકરી હોવી ફરજિયાત છે. આ નિયમ અંતર્ગત જિલ્લામાં નિમણૂકની તારીખને સિનિયોરિટી મુજબ ગણવાના બદલે કેમ્પમાં એવી સૂચના આપવામાં આવી હતી કે, આજના આંતરિક કેમ્પ માં જે હુકમ થાય એ દિવસની તારીખને નિમણૂકની તારીખ ગણવાની રહેશે. આ નિયમના કારણે આજે આંતરિક કેમ્પ માં ભાગ લેનારા મુખ્ય શિક્ષકો હવે પછી યોજનારા જિલ્લા ફેરબદલી કેમ્પ માં ભાગ લઈ શકશે નહીં. કારણ કે, જિલ્લા ફેરબદલી કેમ્પમાં ભાગ લેવા માટ નોકરીના પાંચ વર્ષ હોવા જરૂરી છે. આ મુદ્દે પ્રાથમિક શિક્ષણ સંઘ દ્વારા શિક્ષણ વિભાગમાં રજૂઆત કરવામાં આવી હોવાનું પણ બહાર આવ્યું છે. મહત્વની વાત એ કે, આજે મોટભાગના મુખ્ય શિક્ષકો-આચાર્ય કામના ભારથી કંટાળીને ઓછી સંખ્યા ધરાવતી સ્કૂલો તરફ વળ્યા હતા. શિક્ષકોના કહેવા પ્રમાણે અનેક સ્કૂલોમાં કલાર્ક, પટ્ટાવાળા અને પુરતા શિક્ષકો જ ન હોવાના કારણે વહીવટી કામગીરીનું ભારણ રહે છે.

# વડોદરા નજીક દુમાડ ગામના કલ્પનાબેન ચૌહાણ ગુજરાતના સૌથી યુવાન સરપંચ બન્યા

। પ્રતિનિધિ,વડોદરા,તા.૨૪ ।

વડોદરાની ૨૪ વર્ષીય વિદ્યાર્થિની ગામની સરપંચ બની છે. હાલમાં સમાજકાર્ય વિષય સાથે અનુસ્નાતકનો અભ્યાસ કરી રહેલી આ છાત્રા માત્ર ૨૨ વર્ષની ઉંમરે આ પદ ધારણ કરી, ગુજરાતની સૌથી યુવા સરપંચ બની છે. સરપંચ બનતાની સાથે તેમણે ગામને સ્વચ્છ બનાવવાની સાથે પંચાયતની આવકમાં પણ વૃદ્ધિ કરાવી દીધી છે.વડોદરાની ભાગોળે આવેલા દુમાડ ગામના સૌથી યુવા સરપંચ કલ્પનાબેન ચૌહાણને જૂઓ તો માન્યામાં જ ના આવે કે આવો યુવાન ચહેરો એક આખા ગામનું નેતૃત્વ કરતો હશે, પણ આ હકીકત છે. ગામની આ દલીત દીકરી દુમાડના વિકાસ અને સ્વચ્છતા માટે તનતોડ મહેનત કરી રહી છે. ડિસેમ્બર – ૨૦૨૨ દરમિયાન યોજાયેલી ચૂંટણીમાં એક હજાર જેટલા મતોથી વિજેતા બનેલા કલ્પનાબેને ૧૭-૦૧-૨૦ના રોજ દુમાડ ગામના સરપંચનું પદ ગ્રહણ કર્યું. ત્યારે તેમની ઉંમર માત્ર ૨૨ વર્ષ અને બીકોમનો અભ્યાસ પૂર્ણ કોલેજમાંથી સ્નાતક થઈ તાજેતાજા બહાર આવ્યા હતા.

# પાટણ જિલ્લામાં ખાતરનો કાળો કારોબાર

**પાટણ,તા.૨૪ ।** પાટણ જિલાલામાં હવે ખાતરનો કારોબાર વધ્યો છે. જેમાં પાટણ જિલ્લામાં રાસાયણિક ખાતરની એકતરફ અછત વર્તાય છે ત્યારે સરકારી ખાતરનો જથ્થો ઝડપાયો છે. જેમાં પાટણ નજીક ધાયણોજ ગામે સોલાર પ્લાંન્ટની કંપનીમાંથી કુલ ૩૮૦ થેલી જથ્થો પકડાયો છે.આ અંગે માહિતી મળતા નાયબ ખેતી નિયામક વિસ્તરણ, ટીડીઓની ટીમ અને પોલીસે સંયુક્ત રેડ કરી પકડી જથ્થો ઝડપી પડયો હતો. જોકે ખાતરનો આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો તેનું રહસ્ય અકબંધ છે. નિમકોટેડ યુરિયાના જથ્થાનો ઔદ્યોગિક હેતુ માટે ઉપયોગ થતો હોવાની બાતમીને આધારે રેડ પાડવામાં આવી હતી.









**લોકોના આરોગ્ય સાથે ચેડા** કડી પોલીસ દ્વારા અંગત બાતમીના આધારે બુડાસણ પાસે રેડ કરતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો

# કડી નજીકથી શંકાસ્પદ ઘી બનાવતી ફેક્ટરી ઝડપાઈ

। પ્રતિનિધિ,કડી,તા.૨૪ ।

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના બુડાસણ ગામની સીમમાંથી શંકાસ્પદ ઘી બનાવતી ફેક્ટરી ઝડપાઈ છે કડી પોલીસ દ્વારા અંગત બાતમીના આધારે બુડાસણ પાસે રેડ કરી હતી. રેડ બાદ ફેક્ટરીમાં શંકાસ્પદ ઘી બનતું હોવાની શંકા જતા ફૂડ વિભાગને પણ જાણ કરવામાં આવી હતી. આ ફેક્ટરીમાં દાવત બ્રાન્ડના નામે ગાયનું ઘી બનાવવામાં આવતું હોવાનું સામે આવ્યું છે. આ ફેક્ટરીમાં ૧૦૦ ગ્રામ ૨૦૦ ગ્રામ ૫૦૦ ગ્રામ અને ૧૫ કેજીના પેકિંગમાં બજારમાં વેચવામાં આવતું હોવાનું સામે આવ્યું છે. હાલમાં રેડ દરમિયાન ફેક્ટરી માંથી ૨૬૦૦ કિલો જેટલું શંકાસ્પદ ઘીનો જથ્થો સીઝ કરવામાં આવ્યો છે. બુડાસણમાં શંકાસ્પદ ઘી બનાવતી ફેક્ટરી મેલડી નગરમાં રહેતા હંસાબેન દીપકભાઈ પટેલ નામની મહિલાના નામે ભાડા કરાર હોવાનું જાણવા મળ્યું છે અને આ ફેક્ટરી નું સંચાલન પટેલ જીલ સુધીરકુમાર કરતો હોવાનું હાલ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે ઉલ્લેખનીય છે કે હજુ દસ દિવસ પહેલા જ બુડાસણ જીઆઈડીસી સ્થિત રાજ રત્ન એસ્ટેટમાં ૧.૨૪ કરોડનો શંકાસ્પદ ઘી નો જથ્થો ઝડપાયો હતો.




### તહેવારનો સમય આવતા ભેળસેળિયા બેફામ બન્યા

તહેવારનો સમય આવતા ભેળસેળિયા બેફામ બન્યા હોવાના દ્રશ્યો હાલ મહેસાણામાં જોવા મળી રહ્યા છે આ ફેક્ટરી ની અંદર હાલમાં દાવત બ્રાન્ડના નામે ગાયનું ઘી બનાવીને વેચવામાં આવતું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે ફૂડ વિભાગ દ્વારા હાલમાં આ શંકાસ્પદગીના અલગ અલગ નમૂનાઓ લઈ તપાસ અર્થે મોકલી આપ્યા છે. સ્થાનિક ફૂડ સેફટી વાનમાં સેમ્પલની તપાસ કામગીરીમાં આ ઘી ની અંદર વેજીટેબલ ફેટ મળ્યું હોવાનું સામે આવ્યું છે અને લેબમાં મોકલેલ સેમ્પલના રિપોર્ટ આવ્યા બાદ જ સામે આવશે કે આ ઘી ખાદ્ય છે કે અખાદ્ય. કડીની બુડાસણ ની ફેક્ટરી માંથી હાલમાં ૧૧૮ જેટલા શંકાસ્પદ ઘીના ડબ્બા જે કુલ ૨૬૦૦ કિલો અને ૧૩.૭૮ લાખનો આ જથ્થો સીઝ કરાયો છે.

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

રેબિસ ફ્રી સિટી પ્લાન અંતર્ગત રખડતાં કૂતરાને પણ ચીપ-ટેગ લગાવવાનો નિર્ણય

# અમદાવાદ શહેરમાં રખડતાં ઢોર-કૂતરાને ચીપ અને ટેગ લગાવવા માટે રૂા. ૧.૮૦ કરોડનો ખર્ચ કરાશે

## નવા વિસ્તારોમાંથી પકડાતાં રખડતાં ઢોર અને કૂતરાને ચીપ-ટેગ લગાવવા માટે બીજો વધારે જથ્થો મંગાવવા માટે ૧.૮૦ કરોડનો ખર્ચ કરાશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા. ૨૪ ।

અમદાવાદ શહેરને ૨૦૩૦ સુધીમાં રેબિસ(હડકવામુક્ત) ફ્રી સિટી બનાવવા માટે રખડતાં કૂતરાનાં ખસીકરણ અને રસીકરણની સાથે સાથે કમ્પ્યુટરાઈઝ ડેટા એકત્ર કરવા માટે આરએફઆઈડી માઈક્રોચીપ તથા વિઝ્યુઅલ ઈયર ટેગ લગાવવામાં આવશે, જેની પાછળ ૧.૮૦ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવશે.મ્યુનિ. સીએનસીડી ખાતાનાં સત્તાવાર સૂત્રોનાં જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકારનાં રેબિસ ફ્રી સિટી પ્લાનને અમદાવાદ મ્યુનિ.એ સ્વીકાર્યો છે અને ૨૦૩૦ સુધીમાં શહેરમાં રખડતાં કૂતરાને ખસીકરણ, રસીકરણની સાથે ચીપ અને ટેગ લગાવવાનાં મહત્વની કામગીરી કરવામાં આવનાર છે. સૂત્રોએ કહ્યું કે, રખડતાં કૂતરાને હાલમાં પકડીને ખસીકરણ તથા રસીકરણ કરી પાછુ મૂળ જગ્યાએ છોડવામાં આવે છે. આ કામગીરીમાં કૂતરાનાં કાનનો એક હિસ્સો કાપવામાં આવે છે, જેથી ખબર પડે કે આ કૂતરાનુ ખસીકરણ અને રસીકરણ થયેલુ છે. પરંતુ આગામી સમયમાં આવા કૂતરાને ફરી રસી આપવાની થાય ત્યારે તેને અગાઉ ક્યારે રસી અપાઈ તેની માહિતી હોતી નથી અને તેવો કોઈ ડેટા એકત્ર કરવામાં આવેલો નથી.આથી કેન્દ્ર સરકારનાં પ્લાન અંતર્ગત રખડતાં ઢોરની સાથે સાથે હવે રખડતાં કૂતરા પકડાશે તો તેને ખસીકરણ અને રસીકરણ કર્યા બાદ કાન કાપવાને બદલે મોટા ઢોરની જેમ વિઝ્યુઅલ ઈયર ટેગ લગાવવામાં આવશે તેમજ ઈન્જેક્ટીબલ એપ્લીકેટરની મદદથી આરએફઆઈડી ચીપ લગાવવામાં આવશે.આ કામગીરીથી ફાયદો એવો થશે કે, રખડતાં કૂતરાની ફરિયાદ આવે ત્યારે પકડવા જનારી ટીમ પણ સાધનસામગ્રી સાથે જશે અને સ્થળ ઉપર કૂતરા પકડીને તેનાં ચીપ-ટેગની તપાસ કરી જાણી શકશે કે આ કૂતરાને ક્યારે પકડીને ખસીકરણ તથા રસીકરણ કરાયુ છે. જો કૂતરા પકડનારી ટીમ પાસે સાધન નહિ હોય તો કૂતરા પકડીને જ્યાં લાવવામાં આવશે ત્યાં આ પ્રકારનુ ચેકિંગ કરી શકાશે. એકંદરે રખડતાં કૂતરાને સમયાંતરે રસીકરણનુ ઈલેક્ટ્રોનિક કેલન્ડર અને ડેટા તૈયાર કરવાની મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવશે, જેની અસર આગામી વર્ષોમાં દેખાઈ આવશે.સૂત્રોએ કહ્યું કે, સીએનસીડી ખાતા પાસે હાલમાં ૧૨૦૦ નંગ ચીપ અને ટેગનો જથ્થો છે, તેની સામે નવા વિસ્તારોમાંથી પકડાતાં રખડતાં ઢોર અને કૂતરાને ચીપ-ટેગ લગાવવા માટે બીજો વધારે જથ્થો મંગાવવા માટે ૧.૮૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.





## પાના પક્કડ કોણ લઇ ગયું કહી યુવક પર પથ્થર વડે હુમલો કરી હત્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા. ૨૪ ।

મણિનગર વિસ્તારમાં ફૂટપાથ પર રહેતા બે યુવકો પાસે એક વ્યક્તિ પહોંચ્યો હતો અને મારા પાના પક્કડ કોણ લઈ ગયું કહી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ ઉશ્કેરાયલી વ્યક્તિએ પથ્થર વડે બન્ને યુવકો પર હુમલો કર્યો હતો. જેમાં એક યુવકનું મોત થઈ ગયું હતું. હત્યા કર્યા બાદ હત્યારો પલાયન થઈ ગયો હતો. જો કે આ મામલે મણિનગર પોલીસે ફરિયાદ નોંધી હત્યારાને ગણતરીના કલાકોમાં જ ઝડપી લીધો છે. મણિનગર વિસ્તારમાં આવેલ ફૂટપાથ પર ૩૦ વર્ષિય જગદીશ શકરાજી ઠાકોર રહે છે અને છૂટક મજૂરી કરે છે. છેલ્લા ૧૫ દિવસથી જે ફુટપાથ પર જગદીશ રાત્રે સૂતો હતો ત્યાં રહેવા પંકજ નામનો વ્યક્તિ આવ્યો હતો. પકંજ પણ રોજ જગદીશ સાથે સૂઈ જતો હોવાથી બન્નેની ઓળખાણ થઈ હતી. ૨૦મીના રોજ મોડી રાત્રે પંકજ અને જગદીશ ફૂટપાથ પર સુતા હતા. ત્યારે વહેલી પરોઢે અશોક કટર નામનો વ્યક્તિ પોતાની ત્રણ પૈડાની સાઈકલ લઈને આવ્યો હતો.

## રાધનપુર રેલવે સ્ટેશને મહિલાએ બાળકી સાથે ટ્રેન નીચે પડતું મૂક્યું

। પ્રતિનિધિ, પાટણ, તા. ૨૪ ।

રાધનપુર રેલવે સ્ટેશન ખાતે મહિલાએ પોતાની માસૂમ દૂકરી સાથે ટ્રેનની નીચે પડતું મુકી આત્મ હત્યા કરતાં મહિલાનું મોત નીપજ્યું હતું જયારે માસૂમ દીકરીને ઈજાઓ પહોચતાં તેને સારવાર અર્થે ખસેડવામાં આવી છે. આ ઘટનાની મળતી હકીકત મુજબ રાધનપુર રેલવે સ્ટેશન ખાતે ગુરુવારના રોજ પોતાની માસૂમ દીકરી સાથે ઊભેલી મહિલાએ રેલવે સ્ટેશન પર ટ્રેન આવતાં દીકરી સાથે પડતું મૂક્યું હતુ જેમાં મહિલા મહિલાનું કરુણ મોત નીપજ્યું હતું જ્યારે માસુમ બાળકીને ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ બનાવની જાણ રેલવે પોલીસને થતા તેઓએ ઘટના સ્થળે દોડી આવી મહિલાની લાશનું પંચનામું કરી તેને પીએમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડી હતી. જ્યારે ઈજાગ્રસ્ત બનેલી માસૂમ બાળકીને પણ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડી હતી.

## રાજકોટમાં ભૂલકાઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા ડોક્ટર મશરૂનું લાયસન્સ કરાયું રદ

। પ્રતિનિધિ, રાજકોટ, તા. ૨૪ ।

રાજકોટમાં તબીબોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર તેમજ કૌભાંડ મામલે ડો. હિરેન મશરૂનું ગુજરાત મેડિકલ કાઉન્સિલે એક વર્ષ માટે લાયસન્સ સસ્પેન્ડ કરી મહત્વની કાર્યવાહી કરી છે તેમજ રૂપિયા ૬.૫૪ કરોડનો દંડ પણ ફટકાર્યો છે.હજુ થોડા દિવસ અગાઉ રાજકોટમાં લક્ષ્મીનગર પાસે આવેલા ડોક્ટર મશરૂની નિહિત બેબીકેર હોસ્પિટલમાં ૮ મહિનાના બાળકને ડેન્ગ્યૂ થતા સારવાર માટે ખસેડાયો હતો. જોકે, રજા અપાયા બાદ ફરીથી બાળકને હોસ્પિટલમાં દાખલ કરતા બાળકનું મોત થતા બાળકના પિતાએ તબીબે બેદરકારી દાખવી હોવાના આક્ષેપ કર્યા છે. હાલ પરિવારમાં ફૂલ જેવા સંતાનના મોતથી ગમગીની ફેલાઈ હતી. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી હતી.બાળકનું મોત નીપજતા બાળકનાં પિતાએ એવો આક્ષેપ કર્યો હતો કે, દવાખાનામાં નર્સે ઈન્જેક્શન માર્યા બાદ સ્થિતિ વધુ ખરાબ થઈ હતી. જેથી માલવિયાનગર પોલીસે બાળકના મૃતદેહનું ફોરેન્સિક પીએમ કરાવી આગળ કાર્યવાહી કરશે. ત્યારે આ મામલે ડોકટર વિરૂદ્ધ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ડોક્ટર મશરૂએ ખોટી રીતે આયુષ્માન કાર્ડમાંથી પૈસા કમાવવા નવજાત શિશુઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતો હોવાનું પણ અગાઉ સામે આવ્યું હતું.

બાળકોમાં સંસ્કૃતિના બીજ રોપાય તથા તેમના સર્વાંગીણ વિકાસના હેતુથી

# ડિવાઈન ધરૂવાડિયું દ્વારા પ્રહલાદનગર ખાતે ટ્રેડ ફેરનું આયોજન કરવામાં આવ્યું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા. ૨૪ ।

સાંસ્કૃતિક જીર્ણોધ્ધાર કરવા અર્થે ભારતીય પરંપરાના શિક્ષણનું પુનઃ સ્થાપન કરવાના હેતુથી ડિવાઈન ધરૂવાડિયું કામ કરે છે. તે હેતુથી વર્ષમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. બાળકોમાં સંસ્કૃતિના બીજ રોપાય તથા તેમના સર્વાંગીણ વિકાસના હેતુથી વાર્ષિક દિન, ગીતા જયંતી, જન્માષ્ટમી, રામનવમી, રથયાત્રા, રાવણદહન, રમતોત્સવ, વિજ્ઞાનોત્સવ, પ્રવાસ વગેરે કાર્યક્રમો કરવામાં આવે છે. આ જ અનુસંધાને ટ્રેડ ફેરનું આયોજન કરવામાં આવેલ છે. અમદાવાદ શહેરના પાંચા તળાવ પાસેના મેદાન, પ્રહલાદનગર ખાતે આ ટ્રેડ ફેરનું આયોજન કરાયું હતું.



કાર્યક્રમનું ઉદ્ઘાટન શ્રી મહેશભાઈ મહેતા, સચિવશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, ગુજરાત રાજ્ય તથા ઉન્મેશભાઈ દીક્ષિત, એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનએ દીપ પ્રાગટ્યથી કર્યુ હતું. કોર્પોરેટર શ્રી જયેશભાઈ ત્રિવેદીએ સમગ્ર ટ્રેડ ફેરને જોઈને વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓની મહેનતની કદર કરી હતી. અંદાજે સાત હજાર જેટલા લોકોએ ટ્રેડ ફેરની મુલાકાત લીધી હતી.

'બીજાની ગરજ એ મારી તક.' આ અધઃપતિત અર્થશાસ્ત્રનું લક્ષણ છે – આ સિદ્ધાંત પર શિક્ષણ આપીને ટ્રેડ ફેર આયોજિત કરવામાં આવ્યો હતો. કમાતી વખતે શું ધ્યાનમાં રાખવાનું? તે અંગે શાસ્ત્રોએ કહેલી વાતોની બાળકોમાં સમજ કેળવાઈ છે.બીજાને પીડા આપ્યા વિના, દુર્જનોની મદદ લીધા વિના, આત્માને કલેશ આપ્યા વિના જે પણ મળે તે ખરેખર બહુ જ છે એવી ભાવના સાથે બાળકો વ્યાપારનું જ્ઞાન મેળવે એવો આ ટ્રેડ ફેરનો હેતુ હતો. ટ્રેડ ફેરમાં જનરલ ઝોન, ફૂડ ઝોન અને ગેમ ઝોનમાં ધોરણ ૩ થી ૧૨ના અંદાજે ૧૨૦ બાળકોએ પોતાના સ્ટોલ કર્યા હતા. કેટલાક બાળકોએ જાતે બનાવેલી વસ્તુઓ વેચી હતી.

## ટ્રેનમાં બોગસ સિઝન ટિકિટ સાથે પકડાયેલા દિવ્યાંગને બે વર્ષની સજા

। પ્રતિનિધિ, સુરત, તા. ૨૪ ।

કોઈમ્બતુર રાજકોટ એક્સપ્રેસ ટ્રેનમાં બોગસ સિઝન ટિકિટ સાથે મુસાફરી કરતી વેળા પકડાયેલા પાલઘરના દિવ્યાંગ આરોપીને સુરત કોર્ટે કસુરવાર ઠેરવી બે વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી. આ કેસની વિગત એવી છે કે, ગત તારીખ ૧૮-૩-૨૦૧૭ના રોજ સવારે કોઈમ્બતુર રાજકોટ એક્સપ્રેસના કોચ નંબર છમાં ટીસી(ટિકિટ ચેકર) દ્વારા મુસાફરોની રેલવે ટિકિટની તપાસ કરવામાં આવી રહી હતી. તે વખતે ભિલાડ સ્ટેશન પસાર થયા બાદ ટીસીએ બોગસ સિઝન ટિકિટ સાથે મફત મુસાફરી કરતા હિતેશ લાલજી કીકાણી (રહે. બોઈસર ડ્રીમ સિટી, ધાનાણી નગર, પાલઘર, મહારાષ્ટ્ર)ને ઝડપી પાડ્યો હતો. રેલવે પોલીસે તેની સામે બોગસ દસ્તાવેજની કલમ હેઠળ સહિતનો ગુનો નોંધ્યો હતો. આ ગુના માટે ન્યાયિક કાર્યવાહી સુરતની રેલવે કોર્ટમાં ચાલી હતી. સુરત રેલવે કોર્ટના આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર એડવોકેટ માર્ટીન પરમારે આરોપીને સજા કરવા દલીલો કરી હતી.

## પતિ-પત્નીના ઝઘડામાં વચ્ચે પડેલા સાળાની છરીના ઘા છીંકી હત્યા

। પ્રતિનિધિ, પોરબંદર, તા. ૨૪ ।

પોરબંદર શહેરના વિરડી પ્લોટ વિસ્તારમાં આજે વહેલી સવારે હત્યાની ઘટના બની હતી. પતિ-પત્નીના ઝગડામાં, મહિલાનો મામાનો દીકરો ભાઈ વચ્ચે સમજાવવા આવ્યો હતો. દરમિયાન ઉશ્કેરાયેલા પતિએ સાળાને છરીના ઘા ઝીંકી દેતા નિતીન નામના યુવકને છરીના ઘા ઝીંકી દેતા તેને સારવારમાં ખસેડાયો હતો. જ્યાં તેનું મોત નિપજતા બનાવ હત્યામાં ફેરવાયો છે. આ મામલે મૃતક યુવાનના પરિવારના શોભનાબેન પરમારે પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, તેઓના લગ્ન ૮ વર્ષ પહેલાં નરેશ ગોવિંદ પરમાર નામના વ્યક્તિ સાથે થયા હતા. નરેશ પરમાર અવારનવાર દારૂ પી હેરાન પરેશાન કરતો હતો. તેનાથી કંટાળી છેલ્લા બે વર્ષથી મહિલા માવતરના ઘરે પોરબંદરના વીરડી પ્લોટમાં રહે છે. તેનો પતિ નરેશ છેલ્લા પાંચ દિવસથી પોરબંદર આવ્યો છે.



## એશિયન કોયલનું બિરુદ ધરાવનારી કુમારી યશ્વી શાહની દેશ-વિદેશમાં નામના

# અંજારમાં યશ્વી શાહના પુસ્તક ‘ધ નોર્થ સ્ટાર’નું મહાનુભાવોના હસ્તે વિમોચન

### કુમારી યશ્વી શાહનું જૈન સમાજ સહિત વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું

। પ્રતિનિધિ, અંજાર, તા. ૨૪ ।

અંજાર મધ્યે આવેલા ટાઉન હોલ ખાતે કુમારી યશ્વી શાહના પુસ્તક ‘ધ નોર્થ સ્ટાર’નું મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતુ. વિવિધ સંસ્થાઓ દ્વારા આયોજિત કુમારી યશ્વી શાહ રચિત ‘ધ નોર્થ સ્ટાર’ પુસ્તકનો વિમોચન સમારંભ અંજાર ટાઉન હોલ ખાતે યોજાયો હતો.

બી.ટેક (સિવિલ)ની ડીગ્રી ધારક કુમારી યશ્વી સંજય શાહ ‘Harmony’ના અંગ્રેજી કાવ્ય સંગહ ‘ધ નોર્થ સ્ટાર’ના વિમોચનના આ પ્રસંગે અંજાર સચિદાનંદ મંદિરનાં મહંતશ્રી ત્રિકમદાસજી મહારાજે ઉપસ્થિત રહી આશીર્વચન સાથે આશીર્વાદ આપ્યા હતા. મંચ પર બિરાજમાન મહેમાનો પૈકી અંજારના માનનીય ધારાસભ્ય શ્રી ત્રિકમભાઈ છાંગા, શ્રી જગદીશભાઈ સંઘવી, પ્રમુખ શ્રી અંજાર સમસ્ત જૈન સમાજ, ડૉ. કાંતિ ગોર, પથમ વાઈસ ચાન્સેલર કચ્છ યુનીવર્સીટી. ડૉ રમેશભાઈ ભટ્ટ, સાહિત્યકાર, શ્રીસંજયભાઈ શાહ, શ્રી શીતલબેન શાહ, શ્રી વિવિધા પટવા, શ્રી શિવાની શાહ, શ્રી શ્રેયભાઈ પટવા, શ્રી વિરાટ ભાઈ શાહ શ્રી વસંતભાઈ કોડરાની પૂર્વ નગરપતિ, એ દિપ પ્રગટ્યા કરી પુસ્તક વિમોચન કર્યુ. મુખ્ય અતિથિ અંજારના માનનીય ધારાસભ્ય શ્રી ત્રિકમભાઈ છાંગા એ પ્રાસંગિક પ્રવચનમાં કવિતાની ઉત્પતિ અને લેખકના મનોભાવો વિશે વિસ્તૃત છણાવટ કરેલ. શ્રી ડૉ. કાંતિભાઈ ગોર જેઓ કચ્છ યુનિવર્સિટી ના પ્રથમ વાઈસ ચાન્સેલરના સન્માનિત હોદા પર રહ્યા છે તેમને પુસ્તકનું રસાસ્વાદ કરાવેલ હતું. શ્રી રમેશભાઈ ભટ્ટ ‘રશ્મિ’ એ યશ્વી શાહ ‘હાર્મની’ નો પરિચય આપેલ હતો. શ્રી જગદીશભાઈ મોહનલાલ સંઘવી સમસ્ત અંજાર જૈન સમાજ વતી ઉપસ્થતિ રહી શુભેચ્છા પાઠવી હતી. શ્રી રજનીભાઈ પટવા એ લેખક તેમજ તેના કુટુંબ વિશે પરિચય આપેલ હતો. શ્રી જીગ્નેશભાઈ શાહે તમામ મહેમાનોનો સ્વાગત પ્રવચન કરેલ હતો.



### લેખિકા યશ્વી શાહનું વિવિધ સન્માનપત્ર તેમજ ભેંટ સોગાદ આપીને સન્માન કરાયું



સંસ્થાઓ જેવી કે શ્રી સાહિત્ય સૌરભના પ્રમુખ અમૃતલાલ મહેશ્વરી, એન.કે. ધોરિયા, શબ્દસરિતા મંચના વાલજીભાઈ બળગા, અંજાર વિકાસ સમિતિના મહેન્દ્રભાઈ કોટક, કવિમંચ પરિવાર તરફથી પુજાબેન ગઢવી, રોટરી ક્લબ ઓફ અંજારના હરેશભાઈ ઠક્કર, સુનીલભાઈ મહેતા, રાજ સોમૈયા, વેલજીભાઈ આહીર, મુન્દ્રાના બી.એમ.ગોહિલ, મા શારદા સેવા સંઘના- અંજારનાં સુરેશભાઈ છાયા, મગનભાઈ કન્નર, કલ્પનાબેન મહેતા, માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટના હસમુખ કોડરાણી, મનસુખ ગણાત્રા, માતૃશ્રી સરલાબેન શાંતિલાલ મોતીચંદ શાહ પરિવારના ધૈર્ય ધીરેન્દ્ર શાહ, રમીલાબેન પ્રફફૂલ શાહ, પ્રતિમા ભરતભાઈ શાહ, મમતા કે. શાહ, શીતલબેન સંજય શાહ, ચંદ્રિકાબેન રસિકલાલ શાહ, લલીતભાઈ મહેતા, નિલેશભાઈ શાહ તથા મુસ્લિમ સમાજ અંજારના અગ્રણી શ્રી લતિફશા બાપુ જેવા પ્રતિષ્ઠિત લોકો દ્વારા લેખિકાનું વિવિધ સન્માન પત્ર તેમજ ભેંટ સોગાદ વતી સન્માન કરવામાં આવેલ.

### ઉપસ્થિત મહાનુભાવોએ યશ્વીએ લખેલા પુસ્તકના ભરપેટ વખાણ કર્યા

વિવિધ સંસ્થાઓ જેવી કે, શ્રી સમસ્ત અંજાર જૈન સમાજ, શ્રી આઠ કોટિ નાની પક્ષ જૈન સંઘ, શ્રી આઠ કોટિ મોટી પલટ જૈન સંઘ, શ્રી છ કોટી જૈન સંઘ, શ્રી અચલગછ જૈન સંઘ, શ્રી ખતરગછ જૈન સંઘ, શ્રી તપગછ જૈન સંઘ દ્વારા યશ્વી શાહ નો સાલ ઓઢાડી, ચાંદીનો શ્રીફળ આપી સન્માન કર્યું. આ પ્રસંગે તેમણે યશ્વીએ મેડવેલ અદ્ભુત સિદ્ધિઓ તેમજ પુરસ્કરો માટેનું પ્રશસ્તિ પત્ર પણ એનાયત કરવામાં આવ્યું.

### યશ્વીએ આંતરરાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ પ્રાપ્ત કર્યા

યશ્વી શાહ ને અત્યાર સુધીમાં રાષ્ટીય તેમજ આંતર રાષ્ટીય એવોર્ડ મળી ચુક્યા છે. જેમકે ટ્વેંટી ફસ્ટ સેન્ચુરી એમિલી ડિકન્સ એવોર્ડ, રવીન્દ્ર રત્ન પુરસ્કાર ૨૦૨૪, હાર્વર્ડ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર, ઈન્ડો-સ્પેનીશ અવાર્ડ, ઈન્ટરનેશનલ આઈકોન એવોર્ડ, એક્ષેલન્સ આઈકોન એવોર્ડ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અમૃતલાલ મહેશ્વરી સંભાળ્યું હતું. કાર્યક્રમના બીજા ચરણમાં બહુ ભાષીય કવિ સંમેલનમાં વાલજીભાઈ બળગા ‘સનમ’, રમેશ ભટ્ટ ‘રશ્મિ’, યશ્વી શાહ ‘હાર્મની’, અમૃતલાલ ‘સ્પંદન’, ભાવેશ ભટ્ટ, દિલીપ ઠક્કર, મગન કન્નર, નવીનભાઈ ઠક્કર, અને ઉર્દુ તેહ્જીબના રચનાકાર સૂત્ર સંચાલક કિશનભાઈ સિજુ ‘કિશન’ જમાવટ કરી હતી. હકડેઠઠ ભરાયેલા સભાગૃહમાં શ્રોતાઓ રસપૂર્વક કાર્યક્રમ માણ્યું હતું. કાર્યક્રમની આભાર વિધી કચ્છ જીલ્લા બી.જે.પિ.ના ઉપપ્રમુખ અને અંજાર સમસ્ત જૈન સમાજનાં સેક્રેટરી શ્રી ભરતભાઈ શાહે કરી હતી.








તંત્રી લેખ..

# અન્ના હજારે અને કેજરીવાલ બાદ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના સૌથી મોટા નેતા હતા

મનીષ સિસોદિયાની ધરપકડ આમ આદમી પાર્ટી માટે ઈતિહાસનું એક ચક્ર પૂરું કરવા સમાન છે. સિસોદિયા દિલ્હી સરકારમાં જ નંબર બે નથી, પરંતુ પાર્ટીમાં પણ તેઓ નંબર બેની હેસિયત ધરાવે છે. તેમનું મહત્ત્વ સરકાર અને પાર્ટીથી વધારે એ વાતથી છે કે અન્ના હજારે અને કેજરીવાલ બાદ ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના સૌથી મોટા નેતા હતા. મનમોહન સરકારે જ્યારે અન્ના અને કેજરીવાલને તિહાર જેલમાં મોકલ્યા હતા, ત્યારે સિસોદિયા પણ જેલમાં ગયા હતા. કેજરીવાલ સાથે તેમની ગાઢ મિત્રતા છે. અન્ના આંદોલનની રૂપરેખા પણ બંનેએ મળીને બનાવી હતી. ચહેરા તરીકે અન્નાની પસંદગી પણ બંનેએ મળીને જ કરી હતી. કહી શકાય કે અન્ના આંદોલનના નાયક જો કેજરીવાલ હતા, તો સિસોદિયાની ભૂમિકા પણ નાયકથી ઓછી ન હતી. એવામાં ભ્રષ્ટાચાર વિરોધી નાયકનું ભ્રષ્ટાચારના આરોપમાં જેલ જવું ઘણું વિરોધાભાસી છે. આપ સરકારની શરાબ નીતિ પહેલેથી જ વિવાદોમાં હતી. શરાબના કોન્ટ્રાક્ટ ખાનગી હાથમાં આપવાના સરકારના નિર્ણય પર પહેલા દિવસથી જ સવાલ ઉઠવા લાગ્યા હતા. એમ કહેવું મુશ્કેલ છે કે શરાબ નીતિમાં કૌભાંડ થયું કે નહીં, તે તપાસનો વિષય છે, પરંતુ જે રીતે નવા ઉપરાજ્યપાલના આવ્યા બાદ સીબીઆઈ તપાસના આદેશ આપવામાં આવ્યા, તેના તરત બાદ મનીષ સિસોદિયા દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરીને નવી નીતિ માટે પૂર્વ ઉપરાજ્યપાલ અનિલ બૈજલને જવાબદાર ઠેરવવામાં આવ્યા, તેનાથી આખી શરાબ નીતિને બદલવાની શંકાને પાકી કરવામાં મોટી ભૂમિકા નિભાવી કે ક્યાંકને ક્યાંક કોઈ ગરબડ તો છે જ! શંકાની દીવાલ ત્યારે વધુ મોટી થઈ જાય છે જ્યારે ગોવા અને પંજાબની ચૂંટણી દરમ્યાન પાણીની જેમ પૈસા વહાવવામાં આવ્યા. ટીકાકારો સવાલ પૂછવા લાગ્યા હતા અને આ જ એ ક્ષણ હતી જ્યારે સરકારી એજન્સીઓને આપ પર હાથ નાખવાનો મોકો મળી ગયો. આ આરોપોમાં કેટલો દમ છે અને તેમાં સિસોદિયાની શી ભૂમિકા છે એ તો અદાલતમાં સાબિત થશે, પરંતુ પાર્ટી પર દાગ ચોક્કસ લાગી ગયો. એ માનવું થોડું મુશ્કેલ છે કે સિસોદિયા જેવા નેતા પર કેન્દ્ર સરકારે એમ જ હાથ નાખી દીધો હોય. આમ આદમી પાર્ટી ૨૦૧૦ના દાયકામાં એક એવા વિચાર તરીકે ઉભરી હતી, જેને સત્તા અને રાજનીતિના અશ્લીલ અને ઘૃણિત ગઠબંધન વિરુદ્ધ વિદ્રોહ કહી શકાય. તેણે ભ્રષ્ટાચારના વિરોધમાં દેશમાં એવી હવા ઊભી કરી કે મનમોહન સિંહની સરકાર ઊડી ગઈ, કોંગ્રેસ સંકટમાં ઘેરાઈ ગઈ અને મોદી નામનો વિચાર દેશ પર છવાઈ ગયો. આપ પાસે દેશ-દુનિયાને નવી દૃષ્ટિ આપવાની આશા લોકો રાખતા હતા. એ સંજોગ નથી કે જ્યારે મોદીનું વાવાઝોડું આખા દેશમાં ફરી રહ્યું હતું.

# શારરિક કસરતને લઇને લાપરવાહી



હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અને વ્યાપક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે દેશની અડધીથી વધારે વસ્તીનો શારરિક પ્રવૃતિ અથવા તો ફિજિકલ એક્ટિવિટીમાં કોઇ રસ નથી. દેશના અડધા લોકો શારરિક ગતિવિધીથી દુર રહેવાનુ પસંદ કરે છે. એટલે કે આળસ રાખે છે. ૧૦ ટકાથી પણ ઓછા લોકો એવા છે જે મનોરંજન તરીકે શારરિક ગતિવિધીમાં સામેલ રહે છે. આસીએમઆરના ડેટામાં આ બાબતનો ખુલાસો થયો છે. જો કે કેટલાક લોકો આ ખુલાસા સાથે સહતમ નથી. તેમની દલીલ છે કે આધુનિક ભારતમાં લોકો શારરિક ફિટનેસને લઈને વધારે સાવધાન થઈ રહ્યા છે. દિલ્હી સ્થિત પ્રાઈમસ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ વિભાગના તબીબો કહે છે કે આધુનિક સમયમાં આર્થરાઈટિસ જેવી જોડની તકલીફ હવે વય સુધી મર્યાદિત રહી નથી. શારરિક રીતે કામ ન કરવાની બાબત પણ આ બિમારીના બોઝને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. ડબલ્યુએચઓના રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે દુનિયાભરમાં પાંચમાંથી એક પુખ્તવયના લોકો અને પાંચમાંથી ચાર કિશોર વયના લોકો શારરિક ગતિવિધી કરતા નથી. જેના કારણે હેલ્થ કેરપર ૫૪ અબજ ડોલરની સીધી અસર થઈ રહી છે. તબીબો કહે છે કે આઈસીએમઆરના આંકડા દર્શાવે છે કે ૫૪.૪ ટકા લોકો શારરિક ગતિવિધી કરવામાં રસ ધરાવતા નથી. આ સરકારી એજન્સી દ્વારા કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકો યાત્રા અને મનોરંજન સાથે જોડાયેલી શારરિક ગતિવિધીની તુલનામાં કામમાં વધારે સમય પસાર કરે છે. આળસી જીવનશેલી, કસરત ન કરવાની બાબત અથવા તો કોઈ પ્રોફેશનલની દેખરેખ વગર કસરત કરવાથી યુવાના જોડમાં લિગામેન્ટમાં તકલીફ પડે છે. જેમ જેમ અમારી વય વધે છે અમારા શરીરમાં કામ કરવાની ક્ષમતા ઘટતી જાય છે. અમારા શરીરમાં હાડકા ફરી બનવા અને રિપેયર થવાની ક્ષમતા ઓછી થવા લાગી જાય છે. અમારા ઘુટણમાં મુલાયમ ટિશ્યુ હોય છે જેને કાર્ટિલેજ કહેવામાં આવે છે. જે માંસપેશિયાઓને ટેકો આપે છે. જેના કારણે શારરિક ગતિવિધી કરતી વેળા સરળતા મળે છે.આ એક પ્રકારથી શોક ઓબ્ઝર્વર તરીકે કામ કરે છે. સમયની સાથે આ મુલાયમ ટિશ્યુ ઘસી જાય છે. જેના કારણે જોડમાં જગ્યાઓ બનતી જાય છે. કાર્ટિલેજના ડિજરનેશનના કારણે આર્થરાઈટિસ થવા લાગી જાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઈબાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

**ખિસકોલી ખરેખર પક્ષીની જેમ ઉડતી નથી. પણ એક લાંબી છલાંગ લગાવે છે. ઉડતી ખિસકોલી એટલે પક્ષીની જેમ તેં ઉડતી નથી. પણ ઉડતી ખિસકોલીના આગળના બે પગ અને પાછળના બે પગ તદ્દન પાતળી ચામડીથી જોડાયેલા હોય છે.**

# ભાગ્યેજ જોવા મળતી અને લુપ્ત થવાને આરે આવેલ ઉડતી ખિસકોલી:એક દૂર્લભ સસ્તન પ્રાણી

**એ જ્યારે ચારે પગ ખોલે તો જાણે ચાર પગ વડે રૂમાલ પકડીને ખોલ્યો હોય એવી સ્થિતિ સર્જાય છે. એ સ્થિતિમાં ખિસકોલી વૃક્ષ ઉપરથી હવામાં પડતું મૂકે તો નીચે પડવાને બદલે હવામાં ટકી જાય છે. જાણે પેરેશૂટ જોઇ લો!**



ખિસકોલી તો સૌ કોઈએ જોઈ હશે. પટાવાલી અને અત્યંત ચપળ એવી ઝાડ પર સડસડાટ ચઢી જતી ખિસકોલી વિશે આજે વાત નથી કરવી પણ આજે આપણે ભાગ્યેજ કોઈએ જોઈ હોય એવી અત્યંત દુર્લભ ગણાતી એવી ઉડતી ખિસકોલી વિશેની આજે વાત કરવી છે. ઉડતી ખિસકોલી એટલે પક્ષીની જેમ તેં ઉડતી નથી. પણ ઉડતી ખિસકોલીના આગળના બે પગ અને પાછળના બે પગ તદ્દન પાતળી ચામડીથી જોડાયેલા હોય છે. એ જ્યારે ચારે પગ ખોલે તો જાણે ચાર પગ વડે રૂમાલ પકડીને ખોલ્યો હોય એવી સ્થિતિ સર્જાય છે. એ સ્થિતિમાં ખિસકોલી વૃક્ષ ઉપરથી હવામાં પડતું મૂકે તો નીચે પડવાને બદલે હવામાં ટકી જાય છે. જાણે પેરેશૂટ જોઈ લો! પોતાના પગ જરાક ઊંચા નીચા કરીને એ સહેજ ઢાળ બનાવે એટલે હવામાં અદ્રશ્ય લપસણી પર સરકતી હોય તેમ બીજા વૃક્ષ સુધી પહોંચી શકે છે. એટલા નાના નાના અંતર સુધી તે ઊડતી રહે છે. આના લીધે જ તેનું નામ 'ઉડતી ખિસકોલી' પડયું છે. આ ખિસકોલી ખરેખર પક્ષીની જેમ ઉડતી નથી. પરંતુ એક ઉંચા વૃક્ષ પરથી થોડે દુર આવેલ બીજા ઉંચા વૃક્ષની નિચેની તરફની ડાળી પર એક લાંબી છલાંગ લગાવે છે. તેમ કહી શકાય છે. આગળના અને પાછળના પગો વચ્ચે જોડાયેલી વધારાની ચામડીની મદદથી તે હવામાં થોડાક અંતર સુધી સરકી શકે છે. મોટી ઊડતી ખિસકોલી વિશેષતા એ છેકે આવી વધારાની ચામડી પગની એડીના ભાગેથી લઈને પુંછડી સાથે પણ તે જોડાયેલી હોય છે. જ્યારે કોઈ શિકારી હુમલો કરે છે, ત્યારે ખિસકોલી તરત જ બીજા ઝાડ પર ઉડે છે, સફળતાપૂર્વક છટકી જાય છે. મોટા પક્ષીથી ઉડવું એટલું સરળ નથી. પરંતુ ખિસકોલી એક ઘડાયેલું ઘુવડ અથવા ઘુવડને પણ મૂંઝવણમાં રાખીને ફ્લાઈટનો માર્ગ બદલી શકે છે. ખિસકોલી ઓક, દેવદાર અને શીશમના વૃક્ષો પર પોતાનો માળો બનાવીને રહે છે. તે ભૂરા રંગની હોય છે. તેને ૩થી ૫૦ સેન્ટીમીટર લાંબી ઉડાન ભરતા જોવાઈ છે. આ પહાડી વિસ્તારોમાં તે મોટી સંખ્યામાં મળી આવતી હતી, પરંતુ કપાતા જંગલો અને ગ્લોબલ વોર્મિંગના કારણે તેની સંખ્યા ખૂબ જ ઓછી થઈ ગઈ. હવે તેને વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટના શિડ્યૂલ-૨માં સામેલ કરાઈ છે. ઉડતી ખિસકોલી આખો દિવસ વૃક્ષની બખોલમાં ભરાઈ રહે છે અને સાંજે ખોરાકની શોધમાં વૃક્ષની ટોચ સુધી કૂદાકૂદ એટલે કે ઊડાઊડ કરે છે. આખો દિવસ બખોલમાં સૂઈ રહેતી હોવા છતાં તે આખી રાત સક્રિય રહે છે.આ ખિસકોલીની લંબાઈ માત્ર ત્રણ કે ચાર ઈંચ હોય છે. તે આટલી નાનકડી હોવાને લીધે તેને 'પોકેટ પેટ' પણ કહે છે. તે પૂંછડી સાથે વધુમાં વધુ સાત કે આઠ ઈંચની લંબાઈ ધરાવે છે, જ્યારે તેનું વજન ૮૫ ગ્રામ જેટલું જ હોય છે. તેની રુવાંટી મુલાયમ અને રંગ ભૂખરો, લાલ ને આછો રાખોડી હોય છે. ઉડતી ખિસકોલીની લંબાઈ ૩૭ સે.મી હોય છે. તેની પુંછડીની લંબાઈ ૪૧ સે.મી હોય છે. તેનું વજન ૧.૫ થી ૨ કિ.ગ્રા હોય છે. ઉડતી ખિસકોલીનું આયુષ્ય ૧૫ થી ૧૭ વર્ષનું હોય છે. આ પ્રાણી નિશાચર હોય છે. ઉડતી ખિસકોલી સમી સાંજમાં પણ ખોરાકની શોધમાં જોવા મળે છે. તેમજ તે આખી રાત ખોરાક માટે ફર્યા કરે છે. દિવસ દરમિયાન આ ખિસકોલી વૃક્ષની બખોલમાં કે ઘાટી ડાળખીઓમાં સુતી જોઈ શકાય છે. આ ખિસકોલીના માથાથી લઈને શરીર પરનો રંગ બદામી કે કોફી જેવો કંથ્થાઈ રંગનો હોય છે. અમુક વિસ્તારમાં તે ભુખરા રંગની પણ જોવા મળે છે. ગળું, છાતી, અને પેટવાળો ભાગ આછા ભુખરા રંગનો હોય છે કાન મોટા હોય છે. જેની કિનારી લાલશ પડતા કથ્થાઈ રગંની હોય છે. પુંછડી એક સરખી કથ્થાઈ પડતા ભુખરા રંગની હોય છે. કેટલીક ખાસ ખિસકોલીમાં પુંછડીની ટોચ ઘટ્ટ રંગની હોય છે. સુર્યાસ્ત થતાની સાથે જ તેના વૃક્ષ પરના રહેઠાણ માંથી ભ્રમણ માટે એકલવાયી નીકળી પડે છે. કયારેક મધ્યરાત્રે પરત ફરે છે. અને ખોરાક ન મળ્યો હોય તો વહેલી સવાર સુધી વૃક્ષો પર ફરતી રહે છે. વૃક્ષોના થડ પર તે કુદતાં કુદતાં જોવા મળે છે. ફળ, બીજ, છાલ, ગુંદર, કે જીવડાં ખાતી વખતે તે તેના આગળના બે પગ વડે ખોરાકને પકડીને મોઢા આગળ રાખીને આગળના દાંત વડે કોતરતી કોતરતી ખાય છે. ખોરાક કઠણ હોય તો તેનો અવાજ પણ આવે છે. તેની આ ખાસીયતને લીધે કર્તનશીલ પ્રાણીઓમાં સમાવિષ્ટ થયેલી છે. એક બીજા સાથે અવાજથી સંપર્કમાં રહે છે. ચીસ પાડીને મોટે ભાગે ભય વ્યકત કરે છે. સામાન્યરીતે આ ખિસકોલી ભુખરા રંગની અને આકારમાં સામાન્ય ખિસકોલી કરતા મોટી હોય છે. ઉડતી ખિસકોલી ખોરાકમાં ફળ, ફુલ, પાન, બીજ, જીવડાં, કોશેટા વગેરે ખાય છે. ઊડતી ખિસકોલી શુલપાણેશ્ર્વર અભયારણ્યમાં કાલવટ, વાવ, દુથર વગેરે વિસ્તારોમાં જોવા મળે છે. અમેરિકન ઉડતી ખિસકોલી જીવડાં, પક્ષીનાં ઊંડા, નટ્સ અને વિવિધ પ્રકારના ફળ ખાય છે. તેઓ ઊંચા વૃક્ષો પર રહેતી હોવાથી તેને જમીન પર દોડવાનું ખાસ ફાવતું નથી.



**નિષ્ણાંતોની ચેતવણી : પાણીનો બગાડ જળ કટોકટી સર્જી શકે છે**

**વરસાદી પાણીને સંગ્રહ કરવામાં આવે તે જરૂરી છે ભારતના કેટલાક ભાગોમાં પાણીની સમસ્યા એટલી ગંભીર બની ગઇ છે કે તેનો લાભ લેવા માટે હવે બહુરાષ્ટ્રીય કંપનીઓ પણ મેદાનમાં આવી ગઇ છે**

# પાણીની સમસ્યા વધુ વિકરાલ બનશે

**તમામ દેશો સામે આજે તેમના લોકોને શુદ્ધ પીવાનુ પાણી આપવાની બાબત સૌથી પડકારરૂપ બની ચુકી છે : નવા પ્રયોગો પણ જારી છે**



માત્ર ભારતમાં જ નહી બલ્કે સમગ્ર વિશ્વમાં હવે પાણીની સમસ્યા દિન પ્રતિદિન વધુને વધુ વિકરાલ બની રહી છે. આ સમસ્યા તરફ જો ગંભીરરીતે ધ્યાન આપવામાં નહી આવે તો વધારે ખતરનાક બની શકે છે. આજે વિશ્વના મોટા ભાગના દેશો તેમના દેશમાં નાગરિકોને શુદ્ધ પાણી આપવામાં મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રે હાલમાં ચેતવણી આપતા કહ્યું છે કે જો પાણીના બગાડને રોકવામાં નહી આવે તો ટુંક સમયમાં જ વિશ્વને ગંભીરત જળ સંકટનો સામનો કરવાની ફરજ પડી શકે છે. વિશ્વ જળ વિકાસ રિપોર્ટની માહિતી દર ત્રણ વર્ષમાં જારી કરવામાં આવે છે. આ રિપોર્ટને તૈયાર કરવામાં જળ વિજ્ઞાન, અર્થશાસ્ત્રીઓ અને સામાજિક મુદ્દા સાથે જોડાયેલા નિષ્ણાંતો દ્વારા યુનેસ્કોની દેખરેખ હેઠળ તૈયાર કરવામાં આવે છે. દુનિયાની વસ્તી હાલમાં જે રોકેટ ગતિથી વદી રહી છે તે જોતા તમામને સ્વચ્છ પીવાનુ પાણી ઉપલબ્ધ કરાવવાની બાબત વિશ્વના તમામ દેશો માટે હવે એક મોટા પડકાર તરીકે છે. પૃથ્વીના આશરે ૭૧ ટકા વિસ્તાર પર પાણી છે. પરંતુ આ જળ પૈકી ઉપયોગી જળનુ પ્રાણ માત્ર ત્રણ ટકા છે. હકીતમાં ખુબ ઓછા પ્રમાણમાં જ જળ માનવી માટે ઉપયોગી છે. પાણીની સમસ્યા આજે ભારતના મોટા ભાગના વિસ્તારોમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી ચુકી છે. પાણીને બચાવવા માટેનો એક સરળ તરીકો વરસાદના પાણીને નુકસાન થતા રોકવાનો છે. આ વરસાદી પાણીને સંગ્રહ કરવામાં આવે તે જરૂરી છે. ભારતના કેટલાક ભાગોમાં પાણીની સમસ્યા એટલી ગંભીર બની ગઈ છે કે તેનો લાભ લેવા માટે હવે બહુરાષ્ટ્રીય કંપનીઓ પણ મેદાનમાં આવી ગઈ છે. આજે દેશમાં બોટલમાં ઉપલબ્ધ પાણીનો કારોબાર સતત વધી રહ્યો છે. ચોક્કસપણે આ કોઈ સારા સમાચાર નથી. અંદાજ કહે છે કે ભારતમાં આશરે ૬૫-૭૦ ટકા પાણીનો ઉપયોગ કૃષિ કાર્ય પર ઉપયોગમાં લેવામાં આવે છે. આ ઉપરાંત ઉદ્યોગોમાં પણ જળનો ઉપયોગ સતત વધી રહ્યો છે. સમસ્યા એ ઉભરીને આવી છે કે કૃષિ અને ઉદ્યોગને પુરતા પ્રમાણમાં પામી મળી રહ્યુ નથી. સાથે સાથે સામાન્ય લોકોને પણ પુરતુ પાણી મળી રહ્યુન થી. ભારતને વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશ બનાવી દેવામાં જળ સંશાધનનુ પણ એટલુ જ મહત્વ છે જેટલુ મહત્વ ઉર્જા અને અન્ય ક્ષેત્રોનુ છે. પરંતુ જળ સાચવણીનો મુદ્દો કેમ ગંભીરતાપૂર્વક હાથ ધરાતો નથી તે બાબત ગળે ઉતરતી નથી. આ સ્થિતી દેશની ગતિને ધીમી ધીમી પડનાર તરીકે છે. વરસાદના પાણીનેસંગ્રહ કરીને રાખવા અને પ્રદુષિત પાણીને ઉપયોગ કરનાર તરીકે બનાવવાની દિશામાં ગંભીરતાપૂર્વકધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. આવી જ રીતે ભૂગર્ભ જળને પણ પ્રદુષણથી બચાવી લેવાની દિશામાંપહેલ કરવાની જરૂર છે. જરૂર પડવાની સ્થિતીમાં દરિયાઇ જળને સિચાઇના પાણી તરીકે ઉપયોગ કરવાની દિશામાં નવી પદ્ધિતી વિકસિત કરવાની પણ જરૂર છે. જો જળના જતન અને સંગ્રહ માટે કોઇ નક્કર પગલા લેવામાં આવસે નહી તો પાણીનુ સંકટ દેશ માટે સંકટ ઉભા કરી શકે છે. આધનિક સમયમાં દુનિયામાં અનેક દેશ અને ખાસ કરીને વિકાસશીલ દેકોઇને કોઇ જળ સમસ્યાથી ગ્રસ્ત છે. જળ એંક ગતિશીલ સાધન તરીકે છે. અલબત્ત તેની ઉપલબ્ધતા અને વિતરણ અંગે કોઇ આગાહીવ નિશ્ચિત તરીકેથી કરી શકાય નહી પરંતુ તેની સંભવિત અસરને લઇને ચોક્કસરપણે મુલ્યાંકન કરી શકાય છે.જળ આર્થિક વિકાસ તથા પર્યાવરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. જેથી પાણી અનેક ક્ષેત્રમાં ઉપયોગી છે. જળ સ્તરના ઘટી જવાના અનેક કારણો રહેલા છે. જેમાં વન્ય વિસ્તારોમાં અને ઘાસના મેદાનમાં વારંવાર ફાટી નિકળતી આગની બાબત સામેલ છે. હિમાલિયન ક્ષેત્રો અને અન્ય ક્ષેત્રમાં ખાણની પ્રવતિ પણ જળ સ્તરને ઘટાડી દેવામાં ભૂમિકા ભજવે છે.આ ઉપરાંત વન્ય ક્ષેત્રોને સતત ઓચા કરવાની બાબત પણ સામેલ છે. પાણીનો દુરપયોગ હાલમાં સતત વધી રહ્યો છે. નળ અને પંપના વધતા જતા ઉપયોગનો અર્થ છે કે ભૂગર્ભ જળનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જે હાલ હાલમાં અન્ય. તમામ સંશાધનોનો છે તે હાલ પાણીનો પણ છે.



**ટિપ્સ : હેલ્થકેર એન્જિનિયર બનીને ભવિષ્ય બનાવી શકાય છે**

**સસ્તી સારવારની ઇચ્છા રાખી રહેલા દર્દીઓ માટે ભારત છેલ્લા કેટલાક સમયથી મેડિકલ ટ્યુરિઝમ હબ તરીકે છે. આવનાર સમયમાં આરોગ્ય સેવા સાથે જોડાયેલા પ્રોફેશનલ લોકોની માંગ તેજી સાથે વધી રહી છે**

# આરોગ્ય સેવાની માંગમાં વધારો થયો

**શોધ કરનાર લોકો તબીબો, સહાયકો અને રોગીઓની સાથે મળીને કામ કરે છે**

કોરોના કાળના કારણે દેશમાં હવે આરોગ્ય સેવાની માંગમાં વધાર થઈ રહ્યો છે. ભારતમાં હેલ્થકેર એન્જિનિયર બનીને કેરિયર બનાવી શકાય છે. ભારતમાં એમ પણ આરોગ્ય નિષ્ણાંતોની વ્યાપક અછત રહેલી છે. સસ્તી સારવારની ઈચ્છા રાખી રહેલા દર્દીઓ માટે ભારત છેલ્લા કેટલાક સમયથી મેડિકલ ટ્યુરિઝમ હબ તરીકે છે. આવનાર સમયમાં આરોગ્ય સેવા સાથે જોડાયેલા પ્રોફેશનલ લોકોની માંગ તેજી સાથે વધી રહી છે. આને પૂર્ણ કરવા માટે વિદ્યાર્થીઓ માટે હેલ્થકેર એન્જિનિયર પાઠ્યક્રમ એક નવી તક તરીકે છે. ભારતમાં હાલમાં આરોગ્ય સેવાની માંગ વધી રહી છે. આ પાઠ્યક્રમમાં ઉમેદવારને માત્ર પોતાના વિષયને સમજવામાં મદદ મળે છે બલ્કે કારોબાર અને ટેકનોલોજી કુશળતાની સાથે કુશળતા રહે તે જરૂરી છે. શોધ કરનાર આજની પ્રાંસગિક સમસ્યાની ઓળખ કરવા અને તેમને હલ કરવામાં મદદ મળે છે. શોધ કરનાર લોકો તબીબો, સહાયકો અને રોગીઓની સાથે મળીને કામ કરે છે. આ એક બહુ વિષયક વિશેષતાથ ભરેલ છે. જે આરોગ્ય અને એન્જિનિયરિંગ પ્રોફેશનલ બનેને સામેલ કરીને એન્જિનિયરિંગ દ્રષ્ટિકોણના માધ્યમથી આ ક્ષેત્રને આગળ વધારી દેવામાં મદદ મળે છે. હેલ્થકેર એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી હાંસલ કરવા માટે ઉમેદવારને જીવવિજ્ઞાન, ગણિત, ભૌતિકી અને રસાયણ વિજ્ઞાન જેવા વિજ્ઞાન વિષયની સાથે ધોરણ ૧૨ની પરીક્ષા આપવાની હોય છે. હેલ્થકેરમાં એન્જિનિયરિંગ હમેંશા માંગમાં રહે છે. આ એક ખોટી ધારણા છે કે માત્ર એ લોકો જ જે બાયોમેડિકલ અને ક્લીનિકલ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરી ચુકેલા ઉમેદવારો જ હેલ્થકેર એન્જિનિયરિગમાં જઈ શકે છે.

અહીં સુધી કે રસાયણિક, નાગરિક, કોમ્પ્યુટર, ઈલેક્ટ્રિકલ પર્યાવરણ, ઔદ્યોગિક સુચના, સામગ્રી, મેકેનિકલ સોફ્ટવેર તેમજ સિસ્ટમ એન્જિનિયરિંગવાળા વિદ્યાર્થી પણ આને પસંદ કરી શકે છે. આ યાત્રિકીના તરીકાના ઉપયોગ કરીને જૈવિક પ્રણાલીની યાત્રિક પાસાની સરંચના , કાર્ય અને ગતિમાં અભ્યાસ કરવામાં આવે છે. જેનેટિક એન્જિનિયરિંગ અને આરોગ્ય સુચના વિજ્ઞાનમાં પણ અભ્યાસ કરવામાં આવે છે. આ કોશિકાના આનુવાશિક મેક અપને બદલવા માટે ઉપયોગ કરવામાં આવતા ટેકનોલોજી અંગે માહિતી મેળવી લેવામા આવે છે. જેમાં પ્રજાતિઓના સુધારા માટે ઉત્પાદન સામેલ છે. તબીબી સાધનો હેઠળ વિદ્યાર્થીઓને એવા સાધનના સંબંધમાં માહિતી હોવી જોઈએ. જે દર્દીને આરોગ્ય સેવા આપવામાં મદદ મળે છે. સાથે સાથે ઉપચાર કરવામાં મદદ મળે છે. બિમારી અથવા તો બિમારીને દુર કરવા માટે મદદ કરે છે. જેના કારણે તેમની લાઈફમાં ગુણવત્તામાં સુધારો થાય છે. વિશ્વ આરોગ્ય સંગઠનના કહેવા મુજબ ઈમરજન્સી એક એવી સ્થિતી છે જેના કારણે સામાન્ય પ્રક્રિયાને અસર થાય છે. તાત્કાલિક રીતે લોકોને આરોગ્યની સુવિધા મળે તે જરૂરી છે. જો તમે આરોગ્ય પડકારોમાં રસ ધરાવો છો તો આરોગ્ય સેવા એન્જિનિયરિગમાં કેરિયર બનાવીને લોકોની મદદ કરી શકાય છે. આ ખુબ માંગમાં છે. ભવિષ્યમાં આરોગ્ય સેવાને વધારે મહત્વ મળનાર છે. મહામારી વિજ્ઞાનમાં અભ્યાસને હવે મહત્વ મળનાર છે. મશીન શિખવા અને ડેટા વિજુઅલાઈઝેનના સંબંધમાં મોડલને ડિઝાઈન કરવામા મદદ મળે છે. સાથે સાથે માન્યકરવામાં મદદ મળે છે. આરોગ્ય સેવાના વર્તમાન સંકટના ગાળા દરમિયાન તેની ઉપયોગિતા વધી શકે છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

### ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

## ૧૧ વર્ષની બાળકીની છેડતી બાદ મણિપુરમાં ફરી તણાવ

। ઇમ્ફાલ, તા. ૨૪ ।

મણિપુરના ચુરાચંદપુર જિલ્લાના તુઈબોંગ સબ-ડિવિઝનમાં બહારના વ્યક્તિ દ્વારા ૧૧ વર્ષની બાળકીની કથિત છેડતીની ઘટના બાદ તણાવ પ્રવર્તે છે. અધિકારીઓએ આ જાણકારી આપી. ઘટનાના વિરોધમાં બુધવારે બંધનું એલાન આપવામાં આવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે સ્થિતિ બગડવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને, ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ સબ-ડિવિઝનમાં પ્રતિબંધિત આદેશો લાદવામાં આવ્યા હતા. પ્રતિબંધિત આદેશ હેઠળ, ૫ કે તેથી વધુ લોકોના એકઠા થવા પર પ્રતિબંધ છે.

## કૉંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદનું સંસદ સભ્યપદ જોખમમાં

। સહારનપુર, તા. ૨૪ ।

ઉત્તર પ્રદેશના સહારનપુરથી કૉંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદનું સંસદ સભ્યપદ જોખમમાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિવાદાસ્પદ નિવેદનના સંદર્ભમાં કોર્ટે તેમની સામે આરોપો ઘડ્યા છે. તેમણે ૧૦ વર્ષ પહેલા પીએમ મોદી વિશે વિવાદિત નિવેદન આપ્યું હતું.તમને જણાવી દઈએ કે ૨૦૧૪ની લોકસભા ચૂંટણી દરમિયાન ઈમરાન મસૂદે દેવબંદ વિસ્તારના લબકરી ગામમાં પીએમ મોદી વિશે વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેમના નિવેદન બાદ રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો. આ નિવેદન બદલ તેમની સામે કેસ નોંધવામાં આવ્યો અને તેમને જેલ પણ જવું પડ્યું.

## સેબીના વડા માધાબી પુરી બુચ પીએસીના કોલ સુધી પહોંચ્યા ન હતા

। નવીદિલ્હી, તા. ૨૪ ।

સેબીની સમીક્ષા માટે પબ્લિક એકાઉન્ટ્સ કમિટી (પીએસી) દ્વારા ગુરુવારે બોલાવવામાં આવેલી બેઠક મોકૂફ રાખવામાં આવી હતી. સેબીના વડા માધાબી પુરી બુચે દિલ્હી પહોંચવામાં અસમર્થતા દર્શાવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સમિતિના વડા અને કોંગ્રેસ મહાસચિવ કેસી વેણુગોપાલે આ માહિતી આપી હતી. વેણુગોપાલે જણાવ્યું હતું કે સમિતિની પ્રથમ બેઠકમાં અમે અમારી નિયમનકારી સંસ્થાઓની સમીક્ષા કરવા માટે સુઓ મોટુ સંજ્ઞાન લીધું હતું.

## કપલે હર કી પડી પર રીલ બનાવવા માટે અશ્લીલતા કરી

। નવી દિલ્હી, તા. ૨૪ ।

રીલ બનાવવાનો શોખ વાસ્તવિક જીવનને ઢાંકી રહ્યો છે. યુવાનો લાઈક્સ અને કોમેન્ટ માટે કોઈપણ હદ સુધી જવા તૈયાર છે. આવો જ એક કિસ્સો હરિદ્વારથી સામે આવ્યો છે, જ્યાં એક કપલે હર કી પડી પર રીલ બનાવવા માટે અશ્લીલતાનો આશરો લીધો હતો. એક યુવક અને યુવતી ભગવા કપડા પહેરીને અશ્લીલ હરકતો કરતા જોવા મળ્યા હતા. તેમને જોવા માટે સ્થળ પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. તીર્થયાત્રી પુજારીઓને આ વાતની જાણ થતાં જ તેઓ સ્થળ પર પહોંચ્યા અને દંપતીનો પીછો કરીને ત્યાથી દૂર ગયા. તેમને જોવા માટે સ્થળ પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

### ૨૮૮માંથી ૨૭૦ બેઠક પર સહમતી

# મહારાષ્ટ્રમાં કોંગ્રેસ, યુબીટી અને એનસીપી વચ્ચે ૮૫-૮૫ બેઠકો ઉપર લડવા સહમતિ

**આ ચૂંટણીમાં એનસીપી અને શિવસેનામાં બે જૂથ પડી ગયા છે, જેના કારણે ચૂંટણી રોચક બની ગઈ છે । સમાજવાદી પાર્ટી, પીડબ્લ્યુપી, સીપીઆઈ(એમ), સીપીઆઈ અને આમ આદમી પાર્ટીને સામેલ કરીશું**

। મુંબઇ, તા. ૨૪ ।



મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે મહા વિકાસ અઘાડી(એમવીએ)ના ત્રણેય સહયોગીઓ - કોંગ્રેસ, શિવસેના(યુબીટી) અને એનસીપી(શરદચંદ્ર) વચ્ચે સીટ વહેંચણીને લઈને ખેંચતાણા ચાલી રહી હતી. જોકે, ત્રણેય સહયોગી પક્ષોએ સાથે મળીને ૮૫-૮૫ સીટ પર ચૂંટણી લડવા સહમતી વ્યક્ત કરી છે. બુધવારે પત્રકારો સાથેની વાતચીતમાં શિવસેના(યુબીટી)ના સાંસદ સંજય રાઉતે કહ્યું કે ૨૦મી નવેમ્બરે યોજાનાર ચૂંટણી માટે ૨૮૮માંથી ૨૭૦ બેઠક પર સહમતી થઈ ગઈ છે. અમે સમાજવાદી પાર્ટી, પીડબ્લ્યુપી, સીપીઆઈ(એમ), સીપીઆઈ અને આમ આદમી પાર્ટીને સામેલ કરીશું. બાકી રહેલી સીટો માટે હજુ ચર્ચા ચાલી રહી છે. અમે મૈત્રીપૂર્ણ રીતે ૨૭૦ સીટો પર સહમતી પર પહોંચી ગયા છે. મહાયુતિ(ભાજપ, શિવસેના-શિંદ અને એનસીપી-અજીત)ને હરાવવા માટે એકસંપ છીએ. આ સાથે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ નાના પટોલેએ કહ્યું કે, બાકી રહેલી સીટો નાની પાર્ટીઓ માટે છોડવામાં આવશે.આ દરમિયાન, શિવસેના(યુટીબી)ના નેતા અનિલ દેસાઈએ જણાવ્યું કે, ત્રણેય સાથીપક્ષો કોંગ્રેસ ૮૫, એનસીપી-શરદચંદ્ર ૮૫ અને શિવસેના-ઉદ્ધવ જૂથ ૮૫ સીટો પર ચૂંટણી લડશે, અને તે માટે સહમતી થઈ ગઈ છે. બાકી રહેલી સીટોમાંથી સહયોગી પક્ષો અરસપરસ ૧૮ સીટો પર ચર્ચા કરી રહ્યા છે. જ્યારે બાકીની ૧૫ સીટો નાની પાર્ટીઓને ફાળવવામાં આવશે. અહીંયા નોંધવું રહ્યું કે, ખાસ કરીને વિદર્ભ અને મુંબઈમાં કોંગ્રેસ અને શિવસેના(યુબીટી)ની વચ્ચે કેટલીક સીટોને લઈને વિવાદ ચાલી રહ્યો હતો, જેના કારણે સીટ વહેંચણીની વાતચીત સપ્તાહો સુધી ખેંચાતી રહી હતી. કેમ તાજેતરમાં લોકસભા ચૂંટણીમાં પોતાના મજબૂત પ્રદર્શનને કારણે કોંગ્રેસ વિદર્ભમાં પોતાની જમીન છોડવા તૈયાર ન હતી. અહીંયા નોંધવું રહ્યું કે, ૨૦૧૯ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ભાજપને ૧૦૫, અવિભાજિત શિવસેનાને ૫૬, અવિભાજિત એનસીપીને ૫૪ અને કોંગ્રેસને ૪૪ સીટ મળી હતી. પરંતુ આ ચૂંટણીમાં એનસીપી અને શિવસેનામાં બે જૂથ પડી ગયા છે, જેના કારણે ચૂંટણી રોચક બની ગઈ છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે મહા વિકાસ અઘાડી(એમવીએ)ના ત્રણેય સહયોગીઓ - કોંગ્રેસ, શિવસેના(યુબીટી) અને એનસીપી(શરદચંદ્ર) વચ્ચે સીટ વહેંચણીને લઈને ખેંચતાણા ચાલી રહી હતી.

### પ્રિયંકા ગાંધીએ લોકસભા પેટાચૂંટણીમાં કેરળની વાયનાડ બેઠક પરથી ઉમેદવારી નોંધાવી

# નામાંકન પત્રમાં પ્રિયંકાએ ૧૨ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જાહેર કરી

। નવીદિલ્હી, તા. ૨૪ ।



કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ લોકસભા પેટાચૂંટણીમાં કેરળની વાયનાડ બેઠક પરથી ઉમેદવારી નોંધાવીને તેમની પ્રથમ ચૂંટણીની ઈનિંગ શરૂ કરી છે. ભાઈ રાહુલ ગાંધીએ વાયનાડ સીટ છોડ્યા બાદ પ્રિયંકાએ બુધવારે આ સીટ પરથી ઉમેદવારી નોંધાવી હતી. આ દરમિયાન તેણે પોતાની જંગમ અને જંગમ સંપત્તિનો પણ ખુલાસો કર્યો છે.પોતાના નામાંકન પત્રમાં પ્રિયંકાએ ૧૨ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જાહેર કરી છે. પ્રિયંકાએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં રૂ. ૪૬.૩૯ લાખથી વધુની કુલ આવક પણ જાહેર કરી છે, જેમાં ભાડાની આવક અને બેંકો અને અન્ય રોકાણોના વ્યાજનો સમાવેશ થાય છે. નામાંકન પત્રો સાથે ફાઈલ કરવામાં આવેલ એફિડેવિટમાં પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું કે તેમની પાસે ૪.૨૪ કરોડ રૂપિયાથી વધુની જંગમ સંપત્તિ છે, જેમાં ત્રણ બેંક ખાતામાં અલગ-અલગ રકમની જમા રકમ, મ્યુચ્યુઅલ ફંડ અને પીપીએફમાં રોકાણ, તેમના પતિ રોબર્ટ વાડ્રાની ભેટનો સમાવેશ થાય છે એક હોન્ડા સીઆરવી કાર અને રૂ. ૧.૧૫ કરોડની કિંમતનું ૪૪૦૦ ગ્રામ સોનું. તેમની સ્થાવર મિલકતોની કિંમત ૭.૭૪ કરોડ રૂપિયાથી વધુ છે, જેમાં નવી દિલ્હીના મહેરૌલી વિસ્તારમાં વારસામાં મળેલી ખેતીની જમીનના બે ભાગ અને ત્યાં સ્થિત ફાર્મહાઉસ બિલ્ડિંગમાં અડધો હિસ્સો સામેલ છે. તેમની કુલ કિંમત હવે ૨.૧૦ કરોડ રૂપિયાથી વધુ છે.આ સિવાય તેમના એફિડેવિટ મુજબ, તેમની પાસે હિમાચલ પ્રદેશના શિમલામાં એક ઘર છે, જેની વર્તમાન કિંમત ૫.૬૩ કરોડ રૂપિયાથી વધુ છે. પ્રિયંકાએ પોતાના એફિડેવિટમાં પતિની જંગમ અને જંગમ મિલકતોની વિગતો પણ આપી છે. એફિડેવિટ મુજબ, રોબર્ટ વાડ્રાની પાસે ૩૭.૯ કરોડ રૂપિયાથી વધુની જંગમ સંપત્તિ છે અને ૨૭.૬૪ કરોડ રૂપિયાથી વધુની સ્થાવર સંપત્તિ છે.પ્રિયંકાએ યુકે યુનિવર્સિટીમાંથી ડિસ્ટન્સ લર્નિંગ દ્વારા બૌદ્ધ અધ્યયનમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અને દિલ્હી યુનિવર્સિટીમાંથી મનોવિજ્ઞાનમાં બીએ ઓનર્સની ડિગ્રી મેળવી છે. તેમની પાસે રૂ. ૧૫.૭૫ લાખની જવાબદારી છે. તેણીની એફિડેવિટ જણાવે છે.

### બે માળના ઘરમાં પરિવારના ૧૯ સભ્યો રહેતા હતા

# યુપીમાં મહિલાની સારવાર માટેનો ઓક્સિજન સિલેન્ડર ફાટતાં છ લોકોના મોત નિપજ્યાં

। બુલંદશહેર, તા. ૨૪ ।



ઉત્તરપ્રદેશના બુલંદશહરના સિકંદરાબાદ વિસ્તારમાં એક બીમાર મહિલાની સારવાર માટે રાખવામાં આવેલો ઓક્સિજનનો સિલેન્ડર ફાટવાની ઘટનામાં એક જ પરિવારના છ લોકોના કરૂણ મોત થયા છે. તાજેતરમાં હોસ્પિટલમાંથી ૪૫ વર્ષીય રુખસાનાને રજા મળી હતી. રુખસાના, તેના પતિ રિયાજુદ્દીન, તેના ત્રણ બાળકો અને પૌત્રીનો જીવ લેનારી આ ત્રાસદી સોમવારે રાત્રે બની હતી. તેના બે માળના ઘરમાં પરિવારના ૧૯ સભ્યો રહેતા હતા. વિસ્ફોટના કારણે ઘર આંશિક ધરાશાયી થયું છે.મંગળવારે જ્યારે પોસ્ટમોર્ટમ પછી મૃતદેહોને કફન ઓઢાડીને ઘરે પરત લાવવામાં આવ્યા, તો અસંખ્ય લોકો આશાપુરી કોલોનીમાં પીડિત પરિવારના ઘરની બહાર પોતાની સંવેદના વ્યક્ત કરવા એકત્ર થયા હતા, અને કરૂણ આક્રંદમાં વાતાવરણ શોકમય બની ગયું હતું. બુલંદશહરના જિલ્લા કલેક્ટર ચંદ્રપ્રકાશ સિંહે જણાવ્યું કે, સિકંદરાબાદની આશાપુરી કોલોનીમાં રાત્રે ૮-૩૦થી ૯ કલાકની વચ્ચે સિલેન્ડર બ્લાસ્ટ થયો હતો. આ ઘટનામાં ત્રણ લોકો ઘાયલ થયા છે, તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે બાકીના લોકો સુરક્ષિત છે.આ વિસ્ફોટમાં રિયાજુદ્દીન(૫૦), તેની પત્ની રુખસાના(૪૫), તેનો પુત્ર આસ મોહમ્મદ(૨૬), સલમાન(૧૬), પુત્રી તમન્ના(૨૪) અને તેમની પૌત્રી હિબ્ઝા(૩)નું મોત નીપજ્યું હતું. તમામની અંતિમ વિધિ મંગળવારે બપોરે કરવામાં આવી હતી. આ પહેલા પોલીસ, ફાયરબ્રિગેડ, વહીવટી તંત્ર અને એનડીઆરએફની ટીમો ઘટનાસ્થળે પહોંચીને કાટમાળ નીચે દબાયેલા લોકોના સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

## ધારાસભ્ય રવિન્દ્ર સિંહ ભાટી સામે ધરપકડ વોરંટ જારી, ઉદયપુર કોર્ટના આદેશો

। ઉદયપુર, તા. ૨૪ ।

